# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮ ૧૧૦

વંચાણે લીધો:
૧. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/ગ્રાન્ટ ફાળવણી/૭૧૪/૨૦૨૩-૨૪ તા.૧૭/૦૫/૨૦૨૩
૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં નવી બાબત (વિભાગ-૧) હેઠળ ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં.આકૃયુ/હિનિ/પ્લાન યોજના/નવી બાબત(વિભાગ-૧) ગ્રાન્ટ ફાળવણી/૪૮૯૨-૪૯૦૮/૨૦૨૩-૨૪, તા.૦૯/૦૮/૨૦૨૩
૩. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં નવી બાબત (વિભાગ-૧) હેઠળ ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં.આકૃયુ/હિનિ/પ્લાન યોજના/નવી બાબત(વિભાગ-૧) ગ્રાન્ટ ફાળવણી/૫૪૧૪-૨૫/૨૦૨૩, તા.૦૬/૦૯/૨૦૨૩
૪. અત્રેની કચેરીના પત્ર જાનં.આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૦૬)/૧૧૩૯-૭૨/૨૦૨૩, તા.૧૭/૦૫/૨૦૨૩
૫. અત્રેની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૦૭)/૧૩૬૭-૭૦/૨૩, તા. ૨૫/૦૫/૨૦૨૩
૬. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં.આકૃયુ/હિનિ/પ્લાન યોજના/ગ્રાન્ટ ફાળવણી/૭૧૫-૧૯/૨૦૨૩-૨૪, તા.૧૭/૦૫/૨૦૨૩

**વિષય : વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્લાન યોજનાઓમાં મંજૂર કરવામાં આવેલ સાધનો તથા ક્લાસીફાઈડ વર્કસની કામગીરી સત્વરે પૂર્ણ કરવા બાબત...**

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્લાન યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ માં હિસાબ નિયામકશ્રી દ્વારા સંદર્ભ-૧ થી ૩ ના કાર્યાલય આદેશથી પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે ગ્રાન્ટની ફાળવણીના હુકમ કરવામાં કરવામાં આવેલ છે. સંદર્ભ-૧ થી ૩ ના કાર્યાલય આદેશથી પગાર-ભથ્થા તથા રીકરીંગ સદરે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પુરા વર્ષ માટેની છે. જેથી, યોજનાના હેતુઓ ધ્યાને લઈને, ખર્ચ કરવાનો રહેશે.

વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્લાન યોજના સદરે મંજુર થયેલ નોન-રીકરીંગ સાધનોની યાદી સંદર્ભ-૪ ના પત્રથી યોજનાનાં નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જ્યારે, વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્લાન યોજનાઓમાં નવેમ્બર, ૨૦૨૩ અંતિત નોન-રીકરીગ સદરે સાધનો અંગેનો ખર્ચ ખૂબ જ ઓછો થયેલ છે. જેથી, નોન-રીકરીંગ સદરે મંજુર થયેલ સાધનોની ખરીદી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, પ્લાન યોજનાઓમાં મંજૂર થયેલ તમામ સાધનોની ખરીદી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પ્રસ્તુત મંજૂર થયેલ સાધનોની ખરીદી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં નહી આવે અને ભવિષ્યમાં પૂર્તતા કરવાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીની રહેશે.

જ્યારે, સંદર્ભ-૫ના કાર્યાલય આદેશથી ક્લાસીફાઈડ વર્ક્સની ગ્રાન્ટ અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાન્ટ સામે નવેમ્બર, ૨૦૨૩ અંતિત ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે. જેથી, ક્લાસીફાઈડ વર્ક્સની કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જા.નં.: આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૦૪)/ ૯૮૨૧ /૨૩,
તા. ૦૬ /૧૨/૨૦૨૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના:**
(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) પ્લાન યોજનાઓના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ તથા પ્લાન યોજનાઓમાં મંજૂર થયેલ બાંધકામો હેઠળ સંદર્ભ-૬ના કાર્યાલય આદેશથી ફાળવેલ ગ્રાન્ટનો સમયસર ખર્ચ થાય તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.